# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

Ref no. PN 2025-26/368 Dt. 18/03/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બરની આર્ટ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફ્ટ કમિટી દ્વારા દ્વારા અમદાવાદમાં ચાર દિવસીય આર્ટ એક્ઝિબિશન યોજાશે

## ૧૯થી ૨૨ માર્ચ ૨૦૨૬ દરમિયાન અમદાવાદ સ્થિત સત્ય આર્ટ ગેલેરી ખાતે આયોજિત એક્ઝિબિશનમાં ૧૯ કલાકારો પોતાની કલાકૃતિઓ પ્રદર્શિત કરશે

## જાણીતા આર્ટ કયુરેટર શ્રી અનુજ અંબાલાલ અને શ્રી વિવેક દેસાઈ તેમજ સુરતના જાણીતા વાઇલ્ડ લાઇફ ફોટોગ્રાફર શ્રી સૌરભ દેસાઈ જે મેન્ટર તરીકેની ભૂમિકા ભજવશે તેઓ પણ કાર્યક્રમમાં હાજરી આપશે

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની આર્ટ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફ્ટ કમિટી દ્વારા કલા અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે અમદાવાદમાં ચાર દિવસીય આર્ટ એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું છે. આ આર્ટ એક્ઝિબિશન તા. ૧૯થી ૨૨ માર્ચ, ૨૦૨૬ સુધી બપોરે ૧૨:૦૦થી રાત્રે ૯:૦૦ કલાક દરમ્યાન અમદાવાદ સ્થિત નવરંગપુરા વિસ્તારમાં ગુજરાત વિદ્યાપીઠની પાછળ આવેલી સત્ય આર્ટ ગેલેરી, નવજીવન ટ્રસ્ટ ખાતે યોજાશે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આ કાર્યક્રમમાં જાણીતા આર્ટ કયુરેટર શ્રી અનુજ અંબાલાલ અને શ્રી વિવેક દેસાઈ તેમજ સુરતના જાણીતા વાઇલ્ડ લાઇફ ફોટોગ્રાફર શ્રી સૌરભ દેસાઈ જે આ એક્ઝિબિશનમાં મેન્ટર તરીકેની ભૂમિકા ભજવશે તેઓ પણ કાર્યક્રમમાં હાજરી આપશે. તેમણે કહ્યું હતું કે, ચેમ્બર દ્વારા સુરતના કલા પ્રેમીઓ, કલાકારો તેમજ અમદાવાદના નાગરિકોને આ આર્ટ એક્ઝિબિશનની મુલાકાત લઈને કલાકારોને પ્રોત્સાહિત કરવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

ચેમ્બર ઓફ કોમર્સની આર્ટ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફટ કમિટીના ચેરપર્સન શ્રીમતી સ્વાતિ શેઠવાલાએ જણાવ્યું હતું કે, સુરતના કલાકારો સમગ્ર ગુજરાતમાં પણ પોતાની કલાનું પ્રદર્શન કરી શકે તે હેતુથી અમદાવાદ ખાતે આર્ટ એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું છે. આ એક્ઝિબિશન કલા અને સંસ્કૃતિના પ્રચાર પ્રસાર માટે મહત્વપૂર્ણ પ્લેટફોર્મ સાબિત થશે, જ્યાં કલા રસિકોને વિવિધ કલાકૃતિઓને નિહાળવાનો અવસર મળશે.

આ આર્ટ એક્ઝિબિશનમાં કુલ ૧૯ પ્રતિભાશાળી કલાકારો તેમની વિવિધ પ્રકારની કલાકૃતિઓ પ્રદર્શિત કરશે. ચિત્રકલા, સર્જનાત્મક અભિવ્યક્તિ અને કલાના વિવિધ પ્રકારો સાથે જોડાયેલી આ કૃતિઓ કલા રસિકો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે. મુલાકાતીઓને અલગ–અલગ શૈલી અને વિષયવસ્તુ ધરાવતા આર્ટ વકર્સને નજીકથી નિહાળવાની તેમજ કલાકારોની સર્જનાત્મકતાને સમજવાની ઉત્તમ તક મળશે.